Sunday
11.08.2024
✳Volume :9 ✳ Issue No.24
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ વિશ્વ સિંહ દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે સિંહ સંરક્ષણ અને સુરક્ષાના કાર્ય સાથે સંકળાયેલા તમામ લોકોની પ્રશંસા કરી. શ્રી મોદીએ ફેબ્રુઆરી ૨૦૨૪માં ઈન્ટરનેશનલ બિગકેટ એલાયન્સની સ્થાપના માટે કેન્દ્રીય કેબિનેટની મંજૂરી પર પ્રકાશ પાડ્યો હતો જે જાજરમાન મોટી બિલાડીઓના રક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. તેમણે તેના માટે વિશ્વભરમાંથી મળેલા પ્રોત્સાહક પ્રતિસાદ પર ખુશી વ્યક્ત કરી. પીએમ મોદીએ તમામ વન્યપ્રાણી પ્રેમીઓને ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેવા અને ગુજરાતના લોકોના આતિથ્ય સત્કારનો અનુભવ કરીને સિંહના રક્ષણ માટે હાથ ધરાયેલા પ્રયાસોના સાક્ષી બનવાનું આમંત્રણ પણ આપ્યું હતું. શ્રી મોદીએ X પર ટ્વીટ થ્રેડ પોસ્ટ કરતા કહ્યું:“વિશ્વ સિંહ દિવસ પર, હું સિંહ સંરક્ષણ પર કામ કરનારા તમામ લોકોને અભિનંદન આપું છું અને આ જાજરમાન મોટી બિલાડીઓને બચાવવા માટેની આપણી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરું છું. જેમ કે આપણે બધા જાણીએ છીએ, ભારત ગુજરાતના ગીરમાં સિંહોની વિશાળ વસ્તીનું ઘર છે. વર્ષોથી, તેમની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે, જે એક સારા સમાચાર છે. “આ વર્ષે ફેબ્રુઆરીમાં, કેન્દ્રીય કેબિનેટે વિશ્વના તે તમામ દેશોને એક સાથે લાવવા માટે આંતરરાષ્ટ્રીય બિગકેટ એલાયન્સની સ્થાપનાને મંજૂરી આપી હતી, જ્યાં મોટી બિલાડીઓ રહે છે. તેનો ઉદ્દેશ્ય સતત વિકાસને વેગ આપવા અને આ સંદર્ભે સમુદાયના પ્રયત્નોને સમર્થન આપવા માટે એક સર્વગ્રાહી અભિગમ બનાવવા માંગે છે. આ પ્રયાસને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યો છે.” “હું તમામ વન્યપ્રાણી પ્રેમીઓને જાજરમાન એશિયાટિક સિંહને શોધવા માટે ગીરમાં આમંત્રિત કરું છું. તેદરેકને સિંહની સુરક્ષા માટેના પ્રયાસોને જોવાની તક પણ આપશે અને સાથે જ ગુજરાતના લોકોની આતિથ્યનો અનુભવ પણ કરશે.”

ડૉ. મનસુખ માંડવિયાએ પેરિસ ઓલિમ્પિકમાં અસાધારણ પ્રદર્શન માટે ભારતીય પુરૂષ હોકી ટીમનું સન્માન કર્યું; ટીમના સમર્પણ અને સખત મહેનતની પ્રશંસા કરી

"તમે ભારતને અપાર ગૌરવ અપાવ્યું છે અને લાખો યુવા રમતવીરોને તેમના સપનાને આગળ ધપાવવા માટે પ્રેરિત કર્યા છે" - કેન્દ્રીય મંત્રી

કમલમ્ ન્યુઝ,

યુવા બાબતો અને રમતગમતના કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં પૅરિસ ૨૦૨૪ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ મેળવવામાં ભારતીય હોકી ટીમને તેમની નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. ડૉ. માંડવિયાએ ટીમના સમર્પણ અને સખત મહેનતની પ્રશંસા કરી અને કહ્યું કે વૈશ્વિક મંચ પર તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શને સમગ્ર રાષ્ટ્રને ગૌરવાન્વિત કર્યું છે. ડૉ માંડવિયાએ જણાવ્યું કે, "સમગ્ર રાષ્ટ્રને તમારી સિદ્ધિ પર ગર્વ છે."“આ જીત તમારી દ્રઢતા, ટીમવર્ક અને અદમ્ય ભાવનાનો પુરાવો છે.

તમે ભારતને અપાર ગૌરવ અપાવ્યું છે અને લાખો યુવા રમતવીરોને તેમના સપના સાકાર કરવા માટે પ્રેરિત કર્યા છે.”

કેન્દ્રીય મંત્રીએ કોચિંગ સ્ટાફ અને સહાયક ટીમના અથાક પ્રયત્નોની પણ પ્રશંસા કરી અને ટીમની સફળતામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા આપી.

તેમણે ભારતમાં હોકીનો વધુ વિકાસ કરવા અને દેશની રમત પ્રતિભાને ઉછેરવા માટે તમામ જરૂરી સમર્થન આપવા સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

ડૉ. માંડવિયાએ ભારપૂર્વક કહ્યું કે, “હૉકી આપણાં માટે માત્ર એક રમત નથી- તે આપણા રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે. ટીમ દ્વારા પ્રદર્શિત સખત મહેનત, પ્રતિબદ્ધતા અને જુસ્સાને કારણે આ ઐતિહાસિક સફળતા મળી છે. તમે વિશ્વને બતાવ્યું છે કે સંકલ્પ અને નિશ્ચયથી શું પ્રાપ્ત કરી શકાય છે.” ખેલાડીઓ સાથે વાર્તાલાપ કરતી વખતે ડૉ. માંડવિયાએ તેમને ઉત્કૃષ્ટતા માટે સતત પ્રયત્નશીલ રહેવા અને ભવિષ્યમાં વધુ મોટી સિદ્ધિઓ પર તેમની નજર રાખવા માટે પ્રોત્સાહિત કર્યા.

ગરૂડેશ્વર તાલુકામાં નિર્માણાધિન ટ્રાઈબલ મ્યુઝિયમ ખાતે હૂમલા બાદ મૃત્યુ પામેલા યુવાનોના પરિવારની મુલાકાત કરી શાંત્વના પાઠવતા મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર

મંત્રીની સાથે ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, જિલ્લા પંચાયતના પ્રમુખ ભીમસિંહ તડવી અને નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ પણ જોડાયા હતા

કમલમ્ન્યુઝ, રાજપીપળા

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે નિર્માણાધિન ટ્રાઈબલ મ્યુઝિયમ ખાતે ગત તા.૬ ઑગષ્ટ, ૨૦૨૪ની રાત્રે ગરૂડેશ્વરના ગભાણા ગામના બે યુવાનો જયેશભાઈ શનાભાઈ તડવી અને સંજયભાઈ ગજેન્દ્રભાઈ તડવીને ઢોર માર મારવાની ઘટના બની હતી. જેમાં જયેશભાઈ તડવીને ગરૂડેશ્વર સરકારી દવાખાને કરાતા ત્યાં તેનું મૃત્યુ થયું હતું. જ્યારે સંજયભાઈ તડવીને રાજપીપલાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. તેનું પણ સારવાર દરમિયાન મોત થયુ હતું. આ બંને મૃતકોના પરિવારજનોને શાંત્વના આપવા ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા ગરુડેશ્વર તાલુકાના ગભાણા ગામે પહોંચ્યા હતા. તેઓની સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ ભીમસિંહ તડવી અને નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ સહિત અન્ય આગેવાનોએ પણ મૃતકના પરિવારની મુલાકાત કરી શાંત્વના પાઠવી હતી.

મારો તિરંગો મારી યાત્રા કેન્દ્રીય મંત્રી શ્રી જે. પી. નડ્ડા તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટથી તિરંગાયાત્રાનો કરાવ્યો પ્રારંભ

રાજકોટના રેસકોર્સ ખાતેથી શરૂ થયેલી તિરંગા યાત્રામાં હજારો નાગરિકો જોડાયા



સરદાર વલ્લભભાઈ પટેલ તથા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુષ્પાંજલિ

-: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ :-

- તિરંગો સૌ દેશવાસીઓને એકસૂત્રતામાં બાંધે છે
- વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલા "મારી માટી મારો દેશ", "તિરંગા યાત્રા" સહિતના અભિયાનોએ નાગરિકોમાં નેશન ફર્સ્ટની ભાવનાને પ્રબળ કરી છે
- જન-જનમાં રાષ્ટ્રભક્તિ વધુ બળવત્તર બને તે માટે આરંભાયેલું આ મહાઅભિયાન ઘર-ઘર સુધી પહોચ્યું છે

-: કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડા :-

- દેશની આઝાદીની લડાઈમાં ગુજરાતનું યોગદાન ખૂબ મોટું છે
- અમૃતકાળમાં નાગરિકો દેશને ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવા પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપવા સંકલ્પ કરે
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બન્યો

કમલમ્ ન્યુઝ,રાજકોટ

હજારો રાજકોટિયન્સના ઉમંગ-ઉત્સાહ અને દેશભક્તિપૂર્ણ માહોલ વચ્ચે કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડા, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર. પાટીલે આજે રાજકોટના રેસકોર્સથી તિરંગા યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. રમત-ગમત યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ-ગાંધીનગર અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત હર ઘર તિરંગા યાત્રા– ૨૦૨૪માં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. સૌ મહાનુભાવોએ સૌપ્રથમ રેસકોર્સ પાસે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી. ત્યારબાદ જનસભાને સંબોધી હતી. કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ લોકોને સંબોધતા કહ્યું હતું કે, ગુજરાત તપસ્વી સંતો-મહંતો, સમાજ સુધારકો, સ્વાતંત્ર સેનાનીઓ, વીરોની ભૂમિ છે, જેની માટીમાંથી આપણને પ્રેરણા મળે છે. આ ભૂમિને હું નમન કરું છું. આ ભૂમિ આપણી આંતરિક ચેતનાને પ્રજ્જવલિત કરે છે એવું કહીએ તો અતિશયોક્તિ નથી. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજે અહીં ચોમેર તિરંગો લહેરાઈ રહ્યો છે ત્યારે એ જોઈને આપણને આઝાદીના કાળખંડની યાદ આવે છે. આઝાદીની લડાઈમાં ગુજરાતનું મોટું યોગદાન રહ્યું છે. ગુજરાતના મહાત્મા ગાંધી તેમજ સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને ક્યારેય ના ભુલાવી શકાય. ગુજરાતના પનોતાપુત્ર તથા દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃતકાળમાં દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવાનું સપનું જોયું છે અને તેને સાકાર કરવાની નેમ લીધી છે. તેમણે યુવાનોને અપીલ કરી હતી કે, આપણને આઝાદી સરળતાથી નથી મળી. હજારો વીર-શહીદોએ બલિદાનો આપ્યા છે તથા લાખો પરિવારોએ પોતાના સુખ-ચેન ત્યાગીને દિવસ-રાત જોયા વિના મા ભારતીની આઝાદી માટે સંઘર્ષ કર્યો હતો. આ મહાનુભાવો અને આઝાદીના સંઘર્ષનો ઈતિહાસ આપણે યાદ રાખવો જોઈએ. ૯મી ઓગસ્ટ ૧૯૪૨ એ મહાત્મા ગાંધીજીએ "અંગ્રેજો હિન્દ છોડો"ની કરેલી હાકલનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, આ આંદોલન જન-જનનો અવાજ બની ગયું હતું અને અંગ્રેજોને પડકાર આપ્યો હતો. એ પછી અનેક આંદોલનો ચાલ્યા અને દેશ આઝાદ થયો હતો. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આજે ઝડપથી આગળ વધી રહ્યો છે. દેશની આઝાદી માટે અનેક વીર જવાનો શહીદોએ પોતાના બલિદાનો આપ્યા છે, આજે અનેક સુરક્ષા જવાનો બોર્ડર પર ફરજ બજાવીને દેશની સરહદોને સુરક્ષિત રાખે છે. જેના કારણે આપણે શાંતિ અને સલામતીના વાતાવરણમાં જીવીએ છીએ. તો નાગરિક તરીકે આપણું પણ કર્તવ્ય છે કે, આ આઝાદીનો ઉપયોગ કરીને અમૃત કાળમાં ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવા માટે આપણું શ્રેષ્ઠ યોગદાન આપવાનો સંકલ્પ લઈએ, એ જ તિરંગા યાત્રાની સફળતા ગણાશે. તેમણે કહ્યું હતું કે, જ્યારે વિશ્વના મોટા દેશોની આર્થિક વ્યવસ્થાઓ કથળી રહી હતી ત્યારે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત દેશ હરણફાળ ભરીને વિશ્વની પાંચમી મોટી અર્થવ્યવસ્થા બની ગયો છે. તિરંગા યાત્રામાં આપણે સૌ સંકલ્પ લઈએ કે દેશને આગામી વર્ષોમાં વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનાવીશું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત દેશે સાધેલા વિકાસનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ઓટો-મોબાઈલના ક્ષેત્રમાં ભારત જાપાનને પાછળ છોડીને ત્રીજા ક્રમનો અગ્રણી દેશ બની ગયો છે. તો આજે મેઈક ઈન ઈન્ડિયા અંતર્ગત ૯૭ ટકા મોબાઈલનું ઉત્પાદન ભારતમાં થાય છે. એક સમયે સંરક્ષણ સંસાધનો વિદેશથી આયાત કરવા પડતા હતા પરંતુ આજે ભારત દેશ બુલેટ પ્રુફ જેકેટ સહિતના સાધનોનો વિદેશમાં નિકાસ કરતો થઈ ગયો છે. ઉપસ્થિત યુવા પેઢી તથા ભાવિ પેઢીને આહવાન કરતાં તેમણે કહ્યું હતું કે, દેશને વિકસિત બનાવવામાં તમારા સૌનું યોગદાન ખૂબ મહત્વનું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટવાસીઓને સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાતંત્ર્ય પર્વને જનઆંદોલન બનાવવા દેશભરમાં "હર ઘર તિરંગા" યાત્રાનો વિચાર અમલમાં મુક્યો છે. દેશના ગૌરવ સમાન તિરંગાની ગરિમાને જાળવી રાખવાના અવસરમાં રાજકોટવાસીઓના અનેરા ઉત્સાહને બિરદાવતા તેમણે કહ્યું કે, "આપણો તિરંગો સૌ દેશવાસીઓને એકસૂત્રતામાં બાંધે છે. વડાપ્રધાનશ્રી દ્વારો દેશભરમાં શરૂ કરવામાં આવેલા "મેરી માટી મેરા દેશ", "આઝાદી કા અમૃત મહોત્સવ", "તિરંગા યાત્રા" સહિતના અભિયાનોએ નાગરિકોમાં નેશન ફર્સ્ટની ભાવનાને પ્રબળ કરવામાં સફળતા મેળવી છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં જન-જનમાં રાષ્ટ્રભક્તિ વધુ બળવત્તર બને તે માટે આરંભાયેલું આ મહાઅભિયાન હવે ઘર-ઘર સુધી પહોંચ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ આ પાવન અવસરે સ્વરાજ મેળવવા માટે અગ્રણી ભૂમિકા ભજવનારા આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓને હૃદયપૂર્વક વંદન કરતા ઉમેર્યું હતું કે, "રાષ્ટ્રીય ચેતનાના પ્રેરક એવા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ દેશને સુરાજ્ય સાથે વિકસિત બનાવવા તરફ સતત આગળ વધી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ આ યાદગાર પર્વમાં તમામ નાગરિકો રાષ્ટ્રભક્તિ સાથે સહયોગી બને તેવી શુભેચ્છાઓ આ તકે પાઠવી હતી. રાજકોટનાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ સંબોધનમાં કહ્યું હતું કે, નાગરિકોમાં રાષ્ટ્રભાવના પ્રગટે અને દેશભાવના જાગૃત થાય તે હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શન મુજબ હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત આ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જનસભામાં મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ઠાકર સ્વાગત પ્રવચન કર્યું હતું. અત્યારે દેશમાં એક પેડ માં કે નામ અભિયાન ચાલી રહ્યું છે ત્યારે સૌ મહાનુભાવોનું ફૂલ-છોડના કુંડાથી સ્વાગત કરવામાં આવ્યું હતું. જનસભા બાદ સૌ મહાનુભાવોએ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. તમામ મહાનુભાવો હાથમાં તિરંગો લઈને રેસકોર્સથી જયુબિલી ગાર્ડન સુધી જોડાયા હતા. જ્યાં મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ યાત્રાનું ઠેર ઠેર સંગીતની સુરાવલીઓ, પરંપરાગત નૃત્યો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રૂટ પરથી જ્યારે તિરંગા યાત્રા પસાર થઈ ત્યારે લોકોએ પુષ્પવૃષ્ટિ કરીને રાષ્ટ્રધ્વજ પ્રત્યેનો આદર વ્યક્ત કર્યો હતો. તિરંગા યાત્રાના આરંભ પૂર્વે બહુમાળી ભવન ખાતે મુખ્ય સ્ટેજ ખાતે ભાતીગળ સાંસ્કૃતિક કાર્યક્રમોએ આકર્ષણ જમાવ્યું હતું. કણબી રાસ, માંડવી, મણીયારો રાસ, બેડા નૃત્ય, પાંચાળનો ડોકા રાસ, નળકાંઠાના પઢારોનો મંજીરા રાસ, ડાંગી નૃત્ય, ઢાલ-તલવાર નૃત્ય, મિશ્રા રાસ, રાઠવા નૃત્ય છોટાઉદેપુર, માલધારીઓનો ગોફ રાસ, ગરબા, ચોરવાડનું ટિપ્પણી નૃત્યએ રંગત જમાવી હતી. આ તકે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, રાજ્યના કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતિ ભાનુબહેન બાબરીયા, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા, પૂર્વમુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પ્રવિણાબહેન રંગાણી, સાંસદો સર્વશ્રી પરશોત્તમભાઈ રૂપાલા, શ્રી કેસરીદેવસિંહ ઝાલા, શ્રી વિનોદભાઈ ચાવડા, શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્યો સર્વશ્રી ઉદયભાઈ કાનગડ, ડૉ. દર્શિતાબહેન શાહ, શ્રી રમેશભાઈ ટીલાળા, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર શ્રી દેવાંગ દેસાઈ, જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશી, પોલીસ કમિશનર શ્રી બ્રજેશકુમાર ઝા, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. નવનાથ ગવ્હાણે, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષના નેતા શ્રીમતી નીલુબહેન જાદવ, દંડક શ્રી મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી સુરેન્દ્રસિંહ વાળા, અગ્રણીઓ સર્વશ્રી ડૉ. ભરતભાઈ બોઘરા, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી મોહનભાઈ કુંડારિયા, શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા વગેરે જોડાયા હતા. તિરંગા યાત્રામાં રાજકોટ અનેક શાળાઓના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો, સામાજિક સેવા સંસ્થાઓ, વેપારી તથા ઉદ્યોગ સંગઠનો, કોલેજ તથા યુનિવર્સિટીના અધ્યાપકો તથા છાત્રો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

તંત્રી સ્થાનેથી......

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS), પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES) તે વાતની પુષ્ટિ કરે છે કે વાયનાડ અને તેની આસપાસના વિસ્તારોમાં૦૯.૦૮.૨૦૨૪નારોજ કેરળ રાજ્ય અથવા તેની આસપાસના કોઈપણ સિસ્મોગ્રાફિક સ્ટેશનો દ્વારા કોઈ કુદરતી ભૂકંપ નોંધવામાંઆવ્યો નથી. મીડિયા સ્ત્રોતો દ્વારા નોંધાયેલા ધ્રુજારીના અવાજ સાથેઅનુભવાયેલ ઝટકાભૂસ્ખલન દરમિયાનસંચિત અસ્થિર ખડકોને વધુ સારી સ્થિરતા માટે એક સ્તરથી બીજા નીચલા સ્તર પર ખસવાને કારણે હોઈશકે છે, જેણે ઘર્ષણઊર્જાને કારણે સબટેરેનિયન એકોસ્ટિક વાઈબ્રેશન ઉત્પન્ન કર્યું છે. આ ઉર્જામાંપેટા-સપાટીની તિરાડો અને પેટા-સપાટી રેખાઓ સાથે સંકળાયેલા અસ્થિભંગ દ્વારા સેંકડો કિલોમીટર સુધી પ્રચાર કરવાની ક્ષમતા ધરાવે છે જે ભૂસ્ખલન-પ્રોન ઝોનમાં કુદરતી ઘટના તરીકે વિસ્તારોમાં જમીનના કંપન સાથે ગડગડાટનાઅવાજોનું કારણબનીશકે છે. આએકોસ્ટિક સબ-ટેરેનિયન વાઈબ્રેશનને કારણે ગભરાવાની જરૂર નથી કારણ કે નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS), પૃથ્વીવિજ્ઞાન મંત્રાલય (MoES) નેઆભારી નેશનલ સિસ્મોલોજીકલ નેટવર્ક દ્વારા ગઈકાલે કોઈ ભૂકંપ નોંધવામાં આવ્યો નથી.

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના મોરા ખાતે મંત્રીશ્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ

સરકારશ્રીએ આદિજાતિ વિસ્તારોમાં આરોગ્ય, રોજગાર અને શિક્ષણને પ્રાધાન્ય આપીને અનેક યોજનાઓ અમલી બનાવી - મંત્રીશ્રી બચુભાઈ ખાબડ

કમલમ્ ન્યુઝ,ગોધરા

ભારત અને ગુજરાતમાં વસવાટ કરતા મૂળ નિવાસીઓ આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્ય, કાયદાકીય અને રાજકીય રીતે ઉત્કર્ષ થાય, તેઓ અન્ય હરોળમાં આવે તેમજ બિન આદિવાસી સમુદાય પણ તેમને હક આપવા માટે સહભાગીદાર બને તે હેતુથી દર વર્ષે ૯ મી ઓગષ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર મોરવા હડફ તાલુકાના મોરા એ.પી.એમ.સી.ખાતે રાજ્યના પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ હતી. આ તકે મહાનુભાવો દ્વારા બિરસા મુંડા અને ગોવિંદ ગુરુને યાદ કરીને તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી,દીપ પ્રાગટ્ય,નૃત્ય થકી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી. આ પ્રસંગે પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ઐતિહાસિક વારસોઅને પરંપરાને ટકાવી રાખનાર આદિવાસી સમુદાય દેશની ધરા પર મહત્વનું સ્થાન ધરાવે છે. દેશની આઝાદીની ચળવળ માટે આદિવાસી સમાજે અનેક પ્રયત્નો કર્યા હતા. તેમણે માનગઢ ધામ સહિત આદિવાસી સમાજનાનાયકોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે, બંધારણ સહિત પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી સરકારશ્રીએ આદિવાસી સમાજને અનેક હકો આપ્યા છે. સરકારે આદિજાતિ વિસ્તારોમાં આરોગ્ય,રોજગારઅને શિક્ષણને પ્રાધાન્ય આપીનેઅનેક યોજનાઓ કાર્યરત કરી છે,જેના થકી આદિજાતિ વિસ્તારોમાં આજે સર્વાંગી વિકાસ થયો છે. તેમણે ઉપસ્થિતોને પ્રાકૃતિક અને મીલેટ ખેતીને પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું. તેમણે ૨૦૪૭ વિકસિત ભારતની સંકલ્પના સહિત સરકારશ્રીની યોજનાઓ વિશે માહિતી આપી હતી. આ તકે મોરવા હડફ ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથારે આદિવાસી સભ્યતાઅને સંસ્કૃતિને યાદ કરતા કહ્યું કે,આદિવાસીસમાજને મુખ્ય ધારામાં લાવવામાટે સરકાર સતત પ્રયત્નશીલ છે.આઝાદીની ચળવળ દરમિયાન હજારો આદિવાસી વીરોએ પોતાની આહુતિ આપી છે તેને ઉજાગર કરીને તેમને માન સન્માનઆપવાનું કામસરકારે કર્યું છે.વન બંધુ કલ્યાણ યોજના, એકલવ્ય મોડેલ સ્કૂલ જેવી યોજનાઓ સહિત આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ થયો છે.આ તકે તેમણે પંચમહાલ જિલ્લાના આદિવાસી નાયક સંત જોરીયા પરમેશ્વર અને રૂપસિંહ નાયકને યાદ કર્યા હતા.આજે આ આદિવાસી નાયકોના નામ પરથી જાંબુઘોડા તાલુકામાં શાળાઓ શરૂ કરાઈ છે.તેમણે તિલકા માંઝી, ભીમા નાયક, રાણા પૂંજા ભીલ, રાણી દુર્ગાવતી, બિરસા મુંડાના જીવન ચરિત્રને યાદ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામ લોકોએ મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રીઆશિષ કુમારે પ્રાસંગિક ઉદ્બોધન કરીનેઆજના દિવસનું મહત્વ સમજાવ્યું હતું તો પ્રાયોજના વહીવટદારશ્રી ડી.આર.પટેલ દ્વારા આભારવિધિ રજૂ કરાઈહતી. આપ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે આદિવાસી સમાજના વિશિષ્ઠ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ, રમતવીરો,કલાકારો તથા ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર લોકોને સન્માનપત્ર, ટ્રોફીઅને સાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓઅંતર્ગત લાભાર્થીઓને રૂ. ૨૮ લાખ ૩૫ હજારથી વધુની સહાયના ચેક અને પેમેન્ટ ઓર્ડર વિતરણ કરાયા હતા. જેમાં મિશન મંગલમ યોજના હેઠળ ૦૩ લાભાર્થીઓને રૂ. ૧૮.૫૦લાખની સહાય, જીટીડીસીનિગમ અંતર્ગત ૦૧ લાભાર્થીને રૂ. ૧.૫૦ લાખની સહાય, વનઅધિકાર અધિનિયમ હેઠળ બે લાભાર્થીઓને જમીનના અધિકારપત્ર, બાગાયતહેઠળ ૦૨ લાભાર્થીઓને રૂ. ૫.૨૫ લાખની સહાય, મકાન સહાય હેઠળ ૦૨ લાભાર્થીઓને ૨.૪૦ લાખની સહાય સહિત વિવિધ યોજનાઓ અંતર્ગત સહાયના પેમેન્ટ ઓર્ડર વિતરણ કરાયા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રેણુકાબેન ડાયરા, જિલ્લા કલેકટરશ્રી આશિષ કુમાર,પ્રાયોજનાવહીવટદાર અને અધિકકલેક્ટરશ્રી ડી.આર.પટેલ, પ્રાંત અધિકારીશ્રી પ્રણવ વિજય વર્ગીય, જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ, ધવલભાઈ દેસાઈ, તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યશ્રીઓ, વિવિધ હોદ્દેદારો, આગેવાનો, એ.પી.એમ.સી ચેરમેનશ્રી સહિત વિવિધવિભાગના અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં આદિવાસી ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યાહતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના, સુરત ખાતે "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

૯ મી ઓગસ્ટ, ૨૦૨૪ના દિવસે સમાજશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના, સુરત ખાતે "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણી યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને રજીસ્ટ્રાર ડૉ. આર. સી. ગઢવી સાહેબના માર્ગદર્શનથી કરવામાંઆવી હતી. આ કાર્યક્રમમાંવિભાગનાં અધ્યક્ષ પ્રો. (ડૉ.) એમ. એન. ગાયકવાડે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનું મહત્વ સમજાવતા આદિવાસી લોકજીવનની સમૃદ્ધિ અને તેનામહત્વ વિશેરજૂઆત કરી હતી. સમાજ કાર્ય વિભાગનાં અધ્યાપક ડૉ. બહાદુરસિંહ વસાવા એ આદિવાસી બોલીનું મહત્વને સમજાવ્યું હતું. વિભાગના અધ્યાપક ડૉ. મોસમ ત્રિવેદી વર્તમાન આદિવાસી યુવાઓની ભૂમિકા વિશે ચર્ચા કરી હતી. સાથે સમાજશાસ્ત્ર વિભાગનાં ભૂતપૂર્વ અધ્યક્ષપ્રો (ડૉ) પરવેઝ અબ્બાસી સાહેબ કાર્યક્રમમાંઉપસ્થિત રહીને વિશ્વના આદિવાસીઓની સામાજિક ગતિશીલતા અને મુખ્ય પ્રવાહમાં ભળવાની પ્રક્રિયા વિશે સમજ આપીહતી. આ કાર્યક્રમમાં વિભાગનાં વિદ્યાર્થીની વસાવા દીપિકાબેને વિશ્વ આદિવાસી દિવસની થીમ "સ્વ-નિર્ધારણ માટે પરિવર્તનના એજન્ટ તરીકે આદિવાસી યુવાનો" અંગે, પરમાર ચેતનભાઈ એઆદિવાસીઓ માટે બંધારણીય અધિકારો વિશે, વસાવા અંજનાબેને આદિવાસી નેતા જયપાલસિંહ મુંડા વિશે, ગામીત મેજલભાઈ એ આદિવાસી નેતા બિરસા મુંડા વિશે, સિપાઈ સનાબેને આદિવાસી મહિલા ગૌરાદેવીવિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. વસાવા નિરંજના, સકિલાબેન તેમજ સેમ ૧ અને ૩ ના વિદ્યાર્થીઓ દ્વારા આદિવાસી લોકગીતો અને ઉખાણાંઓ કોંકણી, ગામીત, વસાવા... બોલીમાં રજૂ કર્યા હતા. ઉપરાંત આદિવાસી લોકનૃત્ય જેવાકે, ડાંગીઅને ગામીત શૈલીમાંરજૂ કરવામાંઆવ્યા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગનાં વિદ્યાર્થીઓએ ગામીત નૃત્ય રજૂ કર્યું હતું. આ કાર્યક્રમમાં સમાજશાસ્ત્ર, સમાજ કાર્ય અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિભાગનાં વિદ્યાર્થીઓ મિસ્બાંહબેન અને સ્મીન્જલબેન તેમજ અભારવિધિમહેશભાઈ એ કરીહતી.

મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા એ ગાંધીધામ ખાતે ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી ના નિવાસ્થાને શુભેચ્છા મુલાકાત

કમલમ્ ન્યુઝ,

કચ્છ જિલ્લાના પ્રવાસે પધારેલા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીપ્રફુલભાઈ પાનસેરીયાએ ગાંધીધામ ખાતે ધારાસભ્યશ્રીમાલતીબેન મહેશ્વરીના નિવાસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી. શુભેચ્છા મુલાકાત વખતે તેમની સાથે ભાજપ જિલ્લા પ્રમુખ શ્રી દેવજીભાઈ વરચંદ, જિલ્લા મહામંત્રીશ્રી ધવલભાઈ આચાર્ય સાથે રહ્યા હતા. મુલાકાત વખતે ધારાસભ્ય પરિવાર વતીથી ધારાસભ્યશ્રી અને તેમના પરિવાર જનોએ સાલ ઓઢાળીને શુભેચ્છા પ્રતીક સાથે સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી રામજીભાઈ ધેડા તરફથી પણ સાલતથા શુભેચ્છા પ્રતિક સાથેસ્વાગત કરવામાં આવ્યું હતું.ભાજપના વરિષ્ઠ આગેવાન અને કચ્છ ના પૂર્વ ચેરમેન શ્રી મધુકાનભાઈ શાહ અને ખાદી બોર્ડના પૂર્વ હોદ્દેદાર શ્રી મોમાયાભા ગઢવી. નગરપાલિકા પ્રમુખ શ્રી તેજસભાઈ શેઠ વગેરે આગેવાનોએ મંત્રીશ્રીનું સન્માન સાથે સ્વાગત કર્યું હતું. શુભેચ્છા મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ ધારાસભ્યશ્રી અને હાજર રહેલ શહેર આગેવાનો સાથે નિખાલસતાથી ચર્ચા કરી હતી. હાજર રહેલ સર્વે સદસ્યો સાથે મિત્રતાભાવે ખબરઅંતર પૂછ્યા હતા. સાંજે ધારાસભ્યશ્રી નાં આમંત્રણ ને માન આપીને ધારાસભ્યશ્રી ના ઘેર ભોજન લીધું હતું. રાત્રી ભોજનમાં મંત્રીશ્રી સાથેજિલ્લા પ્રમુખશ્રી દેવજીભાઈ વરચંદ, જિલ્લામહામંત્રીધવલભાઈઆચાર્ય, DPA વોઈસ ચેરમેન શ્રી નંદીશ શુક્લા, નગરપાલિકા પ્રમુખશ્રી તેજસભાઈશેઠ, ધારાસભ્ય શ્રી પરિવારના શ્રી રામજીભાઈ ધેડા, શ્રી નારાણભાઈ ભાંભી, શ્રી કિશોરભાઈ ભાંભી, પ્રાંત અધિકારીશ્રી સુનિલભાઈ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સંજયભાઈ પરમાર, શ્રી મધુકાન્ત શાહ, શ્રી મોમાયાભા ગઢવી તેમજ પરિવારના સદસ્યોજોડાયા હતા.

રોબોફેસ્ટ – ગુજરાત ૪.૦: એન્જિનિયરિંગ ધ ફ્યુચર ભારતની સૌથી મોટી રોબોટિક સ્પર્ધા

કમલમ્ ન્યુઝ,

આજે ભારતભરના મહત્વાકાંક્ષી ઇજનેરો અને STEM ઉત્સાહીઓ માટે એક મહત્વનો દિવસ છે કારણ કે ROBOFEST-GUJARAT 4.0 માટેના પ્રથમ-સ્તરની Ideation સ્ટેજના પરિણામોજાહેર થયાછે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા આયોજિત, ગુજરાત સાયન્સ સિટીના સહયોગથી, આ કાર્યક્રમ રૂ. ૫.૦૦ કરોડની ઈનામી રકમ સાથે ભારતની સૌથી મોટી અને સૌથી પ્રતિષ્ઠિત રોબોટિક્સ સ્પર્ધા તરીકે ઉભરી આવેલ છે. આ સ્પર્ધાએ દેશભરના યુવાદિમાગની કલ્પના અને સર્જનાત્મકતાને વેગ આપ્યો છે,

રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ ૧ જુલાઈ, ૨૦૨૪ની સુધીમાં ૩૪યુનિવર્સિટીઓ, ૧૦૪ સંસ્થાઓ અને ૪ શાળાઓમાંથી અભૂતપૂર્વ ૧,૨૮૪ નોંધણીઓ આકર્ષિત કરીછે. આ જબરજસ્ત પ્રતિસાદ ભારતમાંરોબોટિક્સઅને એન્જિનિયરિંગના ક્ષેત્રોમાં વધતા ઉત્સાહ અને ઉત્સાહને દર્શાવે છે. ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC), IIT દિલ્હી, II કાનપુર, IIT બોમ્બે IIT ગાંધીનગર, એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ, ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, iCreate, અને ભૌતિક સંશોધન પ્રયોગશાળા (PRL), અમદાવાદ જેવી અગ્રણી સંસ્થાઓના નિષ્ણાતોનો સમાવેશ કરતીપ્રતિષ્ઠિત ટેકનિકલ એડ્વાઈઝરી કમિટી (TAC) દ્વારા કુલ ૬૮૨ નવીન વિચાર દરખાસ્તોને પસંદ કરવામાં આવી હતી અને તેનું ઝીણવટપૂર્વક મૂલ્યાંકનકરવામાંઆવ્યુંહતું. દરેક દરખાસ્તનું મૂલ્યાંકન તેની નવીનતા, શક્યતા અને સંભવિત અસરના આધારે કરવામાં આવ્યું હતું. તેમાંથી ૧૬૯ટીમોને સ્પર્ધાના આગલાતબક્કામાં જવામાટે પસંદ કરવામાં આવી છે. આ ટીમો, જે ગુજરાતમાંથી ૧૧૧ અને અન્ય રાજ્યોમાંથી ૫૮ નું પ્રતિનિધિત્વ કરે છે,પ્રત્યેકને ૫૦,૦૦૦નું રોકડ પુરસ્કાર પ્રાપ્ત થશે જેથી તેઓ તેમની વિભાવનાઓને પ્રૂફ ઓફ કોન્સેપ્ટ્સ (PoCs) માં વધુ વિકસિત કરી શકે. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ની સમયમર્યાદા સાથે આ તબક્કો તેમની શ્રેષ્ઠતા તરફની સફરમાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓની વિગતવાર યાદી www.robofest.gujarat.gov.in અને www.gujcost.gujarat.gov.in પર પ્રકાશિત કરવામાં આવી છે. આ પ્રસંગે બોલતા, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગનાઅગ્ર સચિવ શ્રીમતી મોના ખંધારે રોબોફેસ્ટ-ગુજરાત પહેલ પર પોતાનો ગર્વ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "રોબોફેસ્ટ-ગુજરાતએક અનોખા પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યુંછે જે વિજ્ઞાન અને ટેકનોલોજી ઇકોસિસ્ટમને માત્ર ગુજરાતમાં જ નહીંપરંતુ સમગ્રભારતમાં વિસ્તૃત કરશે. ગુજરાતની STI પોલિસી સાથે સુસંગત આ સ્પર્ધા નવીનતાને પ્રોત્સાહન આપેછે, સંશોધન અને વિકાસની સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે અને વધુમાં, તે 'વિકસીત ભારત'ના વિઝનમાં નોંધપાત્ર યોગદાન આપે છે. આ ઉપરાંત તે ડીપ-ટેક સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહિત કરવામાં તેમજ ટેક્નોલોજી અને ઈનોવેશનમાં ભારતના નેતૃત્વને આગળ વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે." રોબોફેસ્ટ-ગુજરાતમાં વાસ્તવિક દુનિયાની સમસ્યાના નિરાકરણ પર ભાર મૂકતી સાત શ્રેણીઓનો સમાવેશ થાય છે, આથી તે, WRO ઇન્ડિયા, ટેક્નોક્સિઅન, SP રોબોટિક્સ વર્ક્સ અને VEX રોબોટિક્સ સ્પર્ધા જેવી અન્ય રાષ્ટ્રીય રોબોટિક્સ સ્પર્ધાઓથી પોતાને અલગ પાડે છે. આ વ્યાપક અભિગમ, તેના સ્કેલ અને મહત્વાકાંક્ષા સાથે મળીને, રોબોફેસ્ટ-ગુજરાતને રોબોટિક્સ સમુદાયમાં એક અનોખી ઘટના બનાવેછે. ઉદાહરણ તરીકે, જ્યારે આંતરરાષ્ટ્રીય રોબોકપ ૨૩માં ૨,૫૦૦ સહભાગીઓ હતા, ગયા વર્ષના રોબોફેસ્ટ-ગુજરાત ૩.૦ માં ૩,૧૪૫ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શકોનો સમાવેશ કરતી ૬૨૯ ટીમોની ભાગીદારી જોવા મળી હતી. દેશભરમાં પ્રીમિયર STEM સંસ્થાઓનીસતત વધતી જતી રુચિનાં કારણે આ વર્ષે ૧,૨૮૪ટીમનાંરજીસ્ટ્રેશન થયેલ છે કે જેમાં ૩૪ યુનિવર્સિટીઓ, ૧૦૪સંસ્થાઓ અને ૪ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૬,૨૪૦ વિદ્યાર્થીઓ અને મેંટર્સનો સમાવેશ થાય છે. ગુજકોસ્ટ તમામ તેજસ્વી ટીમોને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે. જેમ જેમ આ યુવા એન્જિનિયરો તેમની સફરમાંઆગળ વધેછે, તેમ તેઓ માત્ર તેમની પોતાની કુશળતાને આગળ વધારી રહ્યાંનથી પરંતુ ભારતમાં તકનીકી નવીનતા અને શ્રેષ્ઠતાના વ્યાપક મિશનમાં પણ યોગદાન આપીરહ્યા છે.

ભુજ ખાતે તિરંગા યાત્રાના આયોજનને લઈને નિવાસી અધિક કલેકટરશ્રીના અદયક્ષાસ્થાને બેઠક યોજાઈ

ભુજમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ૧૧મી ઓગસ્ટના રોજ સવારે વિશાળ તિરંગા યાત્રાનું આયોજન

કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છ જિલ્લામાં ૧૩ ઓગસ્ટ સુધી "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત "તિરંગા યાત્રા"ના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છમાં જિલ્લાકક્ષાની વિશાળ તિરંગા યાત્રાનું ભુજ શહેરમાં આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૧ ઓગસ્ટના રોજ જિલ્લાના પદાધિકારીશ્રીઓ જ્યુબિલી ગ્રાઉન્ડથી સવારે ૯.૦૦ કલાકે આ તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવશે. જ્યુબિલી ગ્રાઉન્ડથી નીકળીને આ તિરંગા યાત્રા કચ્છમિત્રસર્કલ થઈ ઓલ્ફેડ સર્કલ થઈને ટાઉનહોલ ખાતે પહોંચશે. ત્રણ હજારથી વધારે લોકો આ તિરંગા યાત્રામાં સામેલ થાય એવું આયોજન જિલ્લાવહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ તિરંગા યાત્રામાં વિવિધ બ્લોક્સમાં વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ જોડાશે. ખાસ કરીને જિલ્લાના પદધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ, રમતવીરો, આરોગ્યકર્મીઓ, મહિલા અને બાળ વિકાસ અને આઈસીડીએસ શાખાના બહેનો, ભાતીગળ વેશભૂષા મહિલાઓ, શ્રી સ્વામીનારાયણ સ્કૂલ અને આર.ડી. વરસાણી સ્કૂલના વિદ્યાર્થીઓ સંચાલિત બેન્ડ, પોલીસજવાનો, હોમગાર્ડ જવાનો આ તિરંગા યાત્રામાં ઉત્સાહભેર ભાગ લેશે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી મિતેશ પંડ્યાએ તમામ વિભાગના અધિકારીશ્રીઓને સંકલનથી કામગીરી કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, તિરંગા યાત્રા આપણાસ્વાભિમાનની યાત્રા છે અને વર્તમાન પેઢી આ યાત્રાના માધ્યમથી દેશના વીર જવાનોનો આઝાદી માટેના સંઘર્ષને યાદ કરે તેમ નિવાસીઅધિક કલેક્ટરશ્રીએ ઉમેર્યું હતું. આઆયોજન બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નિકુંજ પરીખ, ભુજ પ્રાંતઅધિકારીશ્રી ડૉ. અનિલ જાદવ સહિત જિલ્લાના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાહતા.

વીર નારીઓના આર્થિક વિકાસ પર સિમ્પોઝિયમ યોજાયો

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી, અમદાવાદ દ્વારા કરાયું આયોજન

કમલમ્ ન્યુઝ,

આપણા રાષ્ટ્રના અગણિત નાયકોના કલ્યાણ માટે અતૂટ પ્રતિબદ્ધતાના ભાગરૂપે, ૩ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી, અમદાવાદ કર્નલ અંજનીકુમારસિંહના નેતૃત્વમાં વીર નારીઓના આર્થિક વિકાસ પર સિમ્પોઝિયમનુંઆયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાવડો આપણા બહાદુર સૈનિકો દ્વારા કરવામાં આવેલા અપાર બલિદાનનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ હતું અને તેમની વિધવાઓને સશક્તિકરણ કરીને તેમના વારસાને સન્માનિત કરવાની દિશામાં એક નિશ્ચિત પગલું હતું. અમે દઢપણે માનીએ છીએ કેઆ મહિલાઓની આર્થિક સ્વતંત્રતા અને સધ્ધરતા આપણા દેશની કૃતજ્ઞતાની મૂર્ત અભિવ્યક્તિ છે. તેમનુંજીવનમાંન ભરપાઈ થઈ શકે, એવી ખોટ પડી હોવા છતાં, તેઓમાં ગૌરવઅને આત્મનિર્ભરતા વિકસે, એ માટે શક્ય તમામ પ્રયાસ કરવા આપણા સૌની પવિત્ર ફરજ બને છે. તાજેતરમાં ૨૬મી જુલાઈના રોજ, ભારતે ૨૫મો કારગિલ વિજય દિવસ ઊજવ્યો. કારગિલ વિજય દિવસ એ એક ગૌરવપૂર્ણ છતાં વિજયી પ્રસંગ છે, આપણા સશસ્ત્ર દળોની બહાદુરીને શ્રદ્ધાંજલિઅને દરેક ભારતીય માટે ખૂબ જ ખાસ દિવસ છે. રાષ્ટ્ર કારગિલ વગેરેના વિજયની ઉજવણી કરે છે, ત્યારે આપણા બહાદુરો દ્વારા કરવામાં આવેલા બલિદાનનેયાદ રાખવુંજરૂરી છે. શહીદવીરની વિધવાઓ તેમની ખોટનો બોજ અવિશ્વસનીય મનોબળ સાથે વહન કરે છે. ખાસ કરીને તેમને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે, આપણી કૃતજ્ઞતાને મૂર્ત સ્વરૂપમાં ઢાળવી આપણી સૌનીજવાબદારી છે. આ પ્રયાસમાં સરકારની પહેલ મોખરે હોવી જોઈએ. જોકે, સરકારી સમર્થન ઉપરાંત, વ્યક્તિગતયોગદાન પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. શહીદવીરની વિધવાઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારો વિશે જાગૃતિ લાવવાનું પ્રથમ પગલું છે. સ્વયંસેવી સહાયક જૂથોને પ્રોત્સાહિત કરવા અને આ મહિલાઓને માર્ગદર્શન આપવાથી ઘણોફરક પડીશકે છે.

આવનારી પેઢીઓ માટે શુદ્ધ પાણી, ખોરાક અને હવા બચાવવા માટે ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવવી પડશે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

હરિયાણામાં સોનીપતના મુરથલ સ્થિત દીનબંધુ છોટુરામ યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતો સાથે કર્યો સીધો સંવાદ

યુરિયા, ડીએપી અને જંતુનાશકોનો ત્યાગ કરી પ્રાકૃતિક ખેતી અપનાવો

જ્યાં રસાયણિક ખાતરો અને જંતુનાશકોનો બેફામ પ્રયોગ થાય છે, ત્યાં કેન્સરના ત્રણ ગણા વધુ કેસ, ભવિષ્યમાં આ હજુ વધુ વધશે

કમલમ્ ન્યુઝ,

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આજે આપણે ઉત્પાદન વધારવાના લોભમાં ખેતરોમાં અંધાધૂંધી ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરી રહ્યા છીએ. જેના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને કેન્સર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી સમસ્યાઓ વધી રહી છે. આવી સ્થિતિમાંજો આપણે આવનારી પેઢીઓને શુદ્ધ પાણી, ખોરાક અનેહવાપ્રદાનકરવી હશે, તોપ્રાકૃતિક ખેતીઅપનાવવી પડશે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી મુરથલ સ્થિત દીનબંધુ છોટૂરામ વિજ્ઞાન અને ટેકનોલૉજી યુનિવર્સિટી ખાતે 'પ્રાકૃતિક ખેતી સંવાદ' કાર્યક્રમમાં ખેડૂતો સાથે સંવાદ કરી રહ્યા હતા. ખેડૂતોને સંબોધતા તેમણેકહ્યું કે, કેન્દ્ર સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ પ્રયત્નશીલ છે. તેમણે જણાવ્યું કે, ગત દિવસોમાં દિલ્હીમાં યોજાયેલા દેશભરના રાજ્યપાલોના સંમેલન દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પણ પ્રાકૃતિક ખેતીને સમગ્ર દેશમાં પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગને કાર્યયોજના તૈયાર કરવા માટે સૂચનાઓ આપી છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યુંકે, ખેડૂતોને લાગે છેકે પ્રાકૃતિક ખેતીથીનુકસાન થશે, પરંતુ એવું નથી. આજે હરિયાણાના ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરીરહ્યા છે અને તેમને તેના ફાયદા પણ મળી રહ્યા છે. જ્યાં રસાયણિક ખાતરો અને જંતુનાશકોનો વધુ ઉપયોગ થાય છે ત્યાં કેન્સરના ત્રણગણા વધુ કેસો સામે આવ્યા છે અને ભવિષ્યમાં આ વધશે. લોકોનું સાવધાન કરતાં તેમણે જણાવ્યુંકે, આજેઆપણે ખેત ઉત્પાદનના નામે ઝેર ખાઈ રહ્યા છીએ. આવી સ્થિતિમાં આગામી પેઢીઓનારક્ષણ અનેસારા સ્વાસ્થ્ય માટે આપણે પ્રાકૃતિક ખેતી અપનાવવી પડશે. આ અવસરે ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું. રાજ્યપાલશ્રીઆચાર્ય દેવવ્રતજીએ સંકુલમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું હતું.

તિરંગા યાત્રામાં 'ગુજરાત પોલીસ'નો ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર

'ગુજરાત પોલીસ'નો આ ટેબ્લો અન્ય ત્રણ મહાનગરો સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે યોજાનાર તિરંગા યાત્રામાં પણ જોડાશે



કમલમ્ ન્યુઝ,

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત આજે રાજકોટથી પ્રારંભ થયેલી તિરંગા યાત્રામાં ગુજરાત પોલીસ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલો ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે અને નવી ઊર્જા સાથે લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે. આ ટેબ્લોમાં ગુજરાત પોલીસની ત્રણ મુખ્ય થીમને પ્રાથમિકતા આપી આકર્ષક રીતે રજૂ કરવામાં આવી છે.

ડ્રગ્સ સામેનો અભિયાન:

'નશીલા પદાર્થોનું સેવન કે વેચાણ ગંભીર ગુનો છે', 'જીતુઅ હૈ ડ્રગ્સ ફ્રિજ' અવેરનેસ સ્લોગન સાથે ટેબ્લો મારફતે જનજાગૃતિ ફેલાવવામાં આવી છે. દરિયાઈ માર્ગે ડ્રગ્સની હેરાફેરી કરતી બોટનું મોડેલ દર્શાવીને ગુજરાત પોલીસ દ્વારા ડ્રગ્સ સામે ચલાવવામાં આવતી કડક કાર્યવાહીને રજૂ કરવામાં આવી છે.

મહિલા અને બાળકોનું રક્ષણ, ગુનેગારોને કડક સજા: મહિલા અને બાળકો અંગેના પોકસોના ગુના બાબતે ગુજરાત પોલીસ અત્યંત સંવેદનશીલ છે. પોકસોના ૪૨ કેસોમાં ગુનેગારોને આજીવન કેદ અને ફાંસી સુધીની કડક સજા થઈ છે. પોક્સો કાયદા હેઠળ ગુનેગારોને સખત સજા થાય છે તે દર્શાવવા માટે જેલનું મોડેલ બનાવવામાં આવ્યું છે. જેમાં એક આર્ટિસ્ટને કેદી તરીકે દર્શાવવામાં આવ્યો છે જે લોકોને આવા ગુના ન કરવા માટે પ્રેરે છે.

ત્રણ નવા ફોજદારી કાયદા:

ભારત સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા નવા ફોજદારી કાયદાઓને પણ આ ટેબ્લોમાં સમાવવામાં આવ્યા છે જે દર્શાવે છે કે ગુજરાત પોલીસ આધુનિક કાયદાઓ મુજબ કામ કરી રહી છે. આ ટેબ્લો એક સંદેશ આપે છે કે ગુજરાત પોલીસ નાગરિકોની સુરક્ષા માટે હરહંમેશ પ્રયત્નશીલ છે. 'ગુજરાત પોલીસ'નો આ ટેબ્લો નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ટેબ્લો અન્ય ત્રણ મહાનગરો સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે યોજાનાર તિરંગા યાત્રામાં પણ જોડાશે.

કમલમ્ ન્યુઝ,

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આજે સિદ્ધપુર ખાતેમાન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબની અધ્યક્ષતામાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ. આ તિરંગા યાત્રામાં વેપારીઓ, સામાજિક સંસ્થાઓ, સ્કૂલો, સહિત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા અને આઝાદી માટે બલિદાન આપનાર શહીદોને યાદ કર્યા. આ પ્રસંગે સાંસદશ્રી, નગરપાલિકા પ્રમુખ, પૂર્વ સાંસદ, પ્રદેશ ઉપાધ્યક્ષ, જિલ્લા ભાજપ પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ અને મહામંત્રીશ્રીઓ, તાલુકા ભાજપ પ્રમુખ અને મહામંત્રીશ્રી, સિનિયર આગેવાનો, યુવા મોરચા, મહિલા મોરચા અને વિવિધ મોરચાના હોદ્દેદારો જોડાયા હતા.

વૃક્ષારોપણ અને વૃક્ષ ઉછેરની ઉજવણીનો અનોખો લોકોત્સવ એટલે "વન મહોત્સવ"

કમલમ્ ન્યુઝ,

રાજય કક્ષાના ૭૫માં વન મહોત્સવ અંતર્ગત પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના ગોકુલ ગ્લોબલ યુનિવર્સીટી ખાતે જિલ્લા કક્ષાના #VanMahotsav2024 ની ઉજવણી કરવામાં આવી, સાથેજ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના "એક પેડ માં કે નામ" અભિયાનની વાનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ કાર્યક્રમમાં વન વિભાગની યોજનાનાં લાભાર્થીઓને સહાય વિતરણ તથા પર્યાવરણનું જતન કરતી સંસ્થાઓ અને લોકોને પ્રશસ્તીપત્ર એનાયત કરી સન્માનિત કર્યા. શ્રી ભરતસિંહ ડાભી - સાંસદશ્રી, શ્રી લવિંગજી ઠાકોર - ધારાસભ્યશ્રી, હેતલબેન ઠાકોર - જિલ્લા પંચાયત પ્રમુખ, શ્રી નંદાજી ઠાકોર - પ્રદેશ ઉપાધ્યક્ષ, શ્રી દશરથજી ઠાકોર - જિલ્લા ભાજપ પ્રમુખ, શ્રી વિક્રમસિંહ ઠાકોર - તાલુકા ભાજપ પ્રમુખ, શ્રી વિષ્ણુભાઈ પટેલ - એપીએમસી ચેરમેન, અનિતાબેન પટેલ - નગરપાલિકા પ્રમુખ, શ્રી અરવિંદ વિજયન - કલેક્ટરશ્રી, શ્રી બી.એમ. પ્રજાપતિ - જિલ્લા વિકાસ અધિકારી, બિંદુ પટેલ - નાયબ વન સંરક્ષક પાટણ, શ્રીમતી ભાનુમતીબેન મકવાણા - પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ, મનીષભાઈ આચાર્ય, શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી જશુભાઈ પટેલ, શ્રી મનીષભાઈ પ્રજાપતિ, શ્રી વિષ્ણુભાઈ પ્રજાપતિ, શ્રી સુષ્માબેન રાવલ, શ્રી જયેશભાઈ રાજગોર, વન વિભાગના અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કેરળમાં વાયનાડ અને તેની આસપાસના વિસ્તારોમાં કોઈ કુદરતી ભૂકંપ નોંધાયો નથી: પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES)

કમલમ્ ન્યુઝ,

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS), પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES) તે વાતની પુષ્ટિ કરે છે કે વાયનાડ અને તેની આસપાસના વિસ્તારોમાં ૦૯.૦૮.૨૦૨૪ના રોજ કેરળ રાજ્ય અથવા તેની આસપાસના કોઈપણ સિસ્મોગ્રાફિક સ્ટેશનો દ્વારા કોઈ કુદરતી ભૂકંપ નોંધવામાં આવ્યો નથી. મીડિયા સ્રોતો દ્વારા નોંધાયેલા ધ્રુજારીના અવાજ સાથે અનુભવાયેલ ઝાટકા ભૂસ્ખલન દરમિયાન સંચિત અસ્થિર ખડકોને વધુ સારી સ્થિરતા માટે એક સ્તરથી બીજા નીચલા સ્તર પર ખસવાને કારણે હોઈ શકે છે, જેણે ઘર્ષણ ઊર્જાને કારણે સબ ટેરેનિયન એકોસ્ટિક વાઈબ્રેશન ઉત્પન્ન કર્યું છે. આ ઉર્જામાં પેટા-સપાટીની તિરાડો અને પેટા-સપાટી રેખાઓ સાથે સંકળાયેલા અસ્થિભંગ દ્વારા સેંકડો કિલોમીટર સુધી પ્રચાર કરવાની ક્ષમતા ધરાવે છે જે ભૂસ્ખલન-પ્રોન ઝોનમાં કુદરતી ઘટના તરીકે વિસ્તારોમાં જમીનના કંપન સાથે ગડગડાટના અવાજોનું કારણ બની શકે છે. આ એકોસ્ટિક સબ-ટેરેનિયન વાઈબ્રેશનને કારણે ગભરાવાની જરૂર નથી કારણ કે નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS), પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (MoES) ને આભારી નેશનલ સિસ્મોલોજીકલ નેટવર્ક દ્વારા ગઈકાલે કોઈ ભૂકંપ નોંધવામાં આવ્યો નથી.

માંડવી ધોબણી નાકા ખાતે વિશ્વ આદિવાસી દિન નિમિત્તે સમસ્ત આદિવાસી સમાજ દ્વારા ભગવાન બિરસા મુંડાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કરાયું

ભગવાન બિરસા મુંડા ની પૂર્ણ કદની પ્રતિમાનો નું અનાવરણ રાજયકક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

કમલમ્ ન્યુઝ,

માંડવી ધોબનીનાકા ખાતા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે એપીએમસી માર્કેટ ખાતેથી રેલી સ્વરૂપે આદિવાસી પરંપરિક પોશાક ધજી સજીને આદિવાસી વાજિંત્રો સાથે આનંદ ઉલ્લાસ ભેર ડીજેના સથવારે પહોંચી ભગવાન બિરસા મુંડા ની પૂર્ણ કદની પ્રતિમાનો નું અનાવરણ રાજયકક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમનો સુંદર આયોજન કરાયું હતું. સ્વાગત પ્રવચન ટ્રાઈબલ સપ્લાન માંડવીના પ્રાયોજના વહીવટદાર રામનિવાસ બગુલીયા દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવા સૌને વિશ્વ આદિવાસી દિનની શુભકામનાઓ પાઠવી હતી અને ભગવાન બિરસા મુંડા ની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કરવા બદલ અનાવરણ સમિતિના તમામ સભ્યોનો તેમજ દાતા દ્વારા સહયોગ આપવા બદલ આભાર માન્યો હતો અને આ વિશ્વ આદિવાસી દિન ઉજવવાનો યુનોમાં ૧૯૮૨ માં નક્કી થયેલ હતું જેને અનુલક્ષીને વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરી રહ્યા છે. કાર્યક્રમના અધ્યક્ષ રાજયકક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, વિશ્વ આદિવાસી દિન યુનોમાં ૧૯૮૨ માં બેઠક યોજાઈ હતી અને તેમાં નક્કી થયા મુજબ ૧૯૯૨ થી આપણે વિશ્વ આદિવાસી દિન ઉભી રહ્યા છે. તેમજ ૩૦૦ થી વધુ લાભાર્થીઓને જંગલની જમીનોની સનત અર્પણ કરાઈ હતી તેમજ વિવિધ યોજનાકીય ચેકોનો વિતરણ તેમજ વિવિધ કીટ નં વિતરણ કરવામાં આવ્યુ હતું. અને આપણા દેશની રક્ષા કરતા નિવૃત્ત જવાનોને સાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા આ પ્રસંગે ગુજરાત પ્રદેશ આદિવાસી મોરચાના પ્રદેશ પ્રમુખ અર્જુનભાઈ ચૌધરી, હર્ષદભાઈ ચૌધરી નાયબ ડી ડી.ઓ પટેલ. દિનેશભાઈ પટેલ નીતિનભાઈ શુક્લ, સમિતિના જશવંતભાઈ પ્રમુખ ચૌધરી, મામલતદાર વસાવા ટીડીઓ સોલંકી તથા આદિવાસી સમાજના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ પ્રભુભાઈ વસાવા સૌને વિશ્વ આદિવાસી દિનની શુભકામનાઓ પાઠવી

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સે આયુષ ક્ષેત્રમાં માનકીકરણ માટે વિભાગની સ્થાપના કરી

કમલમ્ ન્યુઝ,

ભારતની રાષ્ટ્રીય માનક સંસ્થા બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ)એ આયુષ ક્ષેત્ર માટે આધુનિક માનકીકરણ કર્યું છે. સમર્પિત માનકીકરણ વિભાગની સ્થાપના સાથે, બ્યુરોએ ડોમેનમાં માનકીકરણ પ્રવૃત્તિને ઝડપી બનાવી છે. નવો વિભાગ આયુષ ઉત્પાદનો અને પદ્ધતિઓની સલામતી, અસરકારકતા અને ગુણવત્તાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં આયુર્વેદ, યોગ, નેચરોપેથી, યુનાની, સિદ્ધ, સોવા-રિગ્પા અને હોમિયોપેથી જેવી પરંપરાગત ભારતીય ચિકિત્સા પદ્ધતિઓનો સમાવેશ થાય છે. આયુષ માટે માનકીકરણની પ્રવૃત્તિની પ્રક્રિયા અને માળખા વિશે જણાવતાં બીઆઈએસના મહાનિદેશક શ્રી પ્રમોદકુમાર તિવારીએ જણાવ્યું હતું કે, "જાણીતા નિષ્ણાતોના નેતૃત્વ હેઠળ, બીઆઈએસના આયુષ વિભાગે સાત વિભાગીય સમિતિઓની રચના કરી છે, જે દરેક ચોક્કસ આયુષ પ્રણાલીને સંબોધિત કરે છે. આ સમિતિઓ નિષ્ણાતો, વૈજ્ઞાનિક અને ટેકનિકલ સંસ્થાઓ, ઉદ્યોગના પ્રતિનિધિઓ અને નિયમનકારી સંસ્થાઓ સહિત વિવિધ હિતધારકો સાથે મળીને કામ કરે છે, જેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાઓ સાથે સુસંગત વિસ્તૃત, પુરાવા-આધારિત માપદંડો સુનિશ્ચિત કરી શકાય." અત્યાર સુધીમાં, બીઆઈએસએ સિંગલ ઔષધિઓ, આયુર્વેદ અને યોગની પરિભાષા, પંચકર્મ ઉપકરણો, યોગ એસેસરીઝ અને જડીબુટ્ટીઓમાં જંતુનાશકોના અવશેષો માટે પરીક્ષણ પદ્ધતિઓ જેવા વિવિધ વિષયોને આવરી લેતા ૯૧ ધોરણો પ્રકાશિત કર્યા છે. ઉલ્લેખનીય છે કે, પરંપરાગત ચિકિત્સામાં ઉપયોગમાં લેવાતી જડીબુટ્ટીઓ માટે ૮૦ સ્વદેશી ભારતીય ધોરણોનું પ્રકાશન તેમના સલામત અને અસરકારક ઉપયોગને પ્રોત્સાહન આપે છે, જેનાથી ગ્રાહકો અને ઉદ્યોગ બંનેને લાભ થાય છે. તદુપરાંત, પંચકર્મ ઉપકરણો માટે સૌપ્રથમ રાષ્ટ્રીય ધોરણો પ્રોફિલેક્ટિક અને થેરાપ્યુટિક પ્રક્રિયાઓમાં એકરૂપતા સુનિશ્ચિત કરે છે, જે આયુષ આરોગ્ય સંભાળ પદ્ધતિઓની ગુણવત્તામાં વધારો કરે છે. પર્યાવરણીય ટકાઉપણા ભણી આગળ વધતાં બીઆઈએસે ઘરેલુ ઉત્પાદકો અને ખેડૂતોને ટેકો આપતી



"કોટન યોગા મેટ' માટે સ્વદેશી ભારતીય માપદંડની રચના કરી છે. વિભાગે પરિભાષા, સિંગલ ઔષધિઓ, યોગ પોશાક, સિદ્ધ નિદાન અને હોમિયોપેથીક તૈયારીઓ સહિત ભવિષ્યના માનકીકરણ ક્ષેત્રોની પણ ઓળખ કરી છે. બીઆઈએસની પહેલની પ્રશંસા કરતાં આયુષના સચિવ વૈદ્ય રાજેશ કોટેચાએ જણાવ્યું હતું કે, "જેમ જેમ વધુને વધુ લોકો પરંપરાગત હેલ્થકેર સિસ્ટમ્સ તરફ વળી રહ્યા છે, તેમ તેમ આયુષ ઉત્પાદનો અને સેવાઓમાં સાતત્યપૂર્ણ ગુણવત્તા, સલામતી અને અસરકારકતાની જરૂરિયાત અનિવાર્ય છે. બીઆઈએસે આ સમર્પિત વિભાગની સ્થાપના કરીને અને આઈએસ: ૧૭૮૭૩ 'કોટન યોગા મેટ' જેવા નિર્ણાયક ધોરણો વિકસાવીને આ ક્ષેત્રમાં તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરી છે. પરંપરાગત ભારતીય દવાઓને પ્રોત્સાહન આપવા અને વિકસાવવા માટેના આ નિર્ણાયક લક્ષ્યો છે. કઠોર માપદંડો અને નવીનતા મારફતે બીઆઈએસ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આયુષ વ્યવસ્થાની સ્વીકૃતિ અને વૃદ્ધિમાં વધારો કરવા કટિબદ્ધ છે."

સી. એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સેક્ટર ૧૨ સિવિલ કેમ્પસ સ્થિત સી.એમ .પટેલ કોલેજ ઓફ નર્સિંગ અને જી એમ ઈ આર હોસ્પિટલ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સ્તનપાન સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સી. એમ . પટેલ કોલેજનાં ત્રીજા વર્ષનાં ૫૮ વિદ્યાર્થીઓએ પોસ્ટર તથા નાટક દ્વારા સ્તનપાનનું મહત્વ લોકો સુધી પહોચાડયું હતું. જેનું માર્ગદર્શન કોલેજના પ્રિ. ડૉ રાજેશ રાવલ, વા. પ્રિ ભાવીષા પટેલ તથા એસોસીએટ પ્રોફેસર ડૉ. શાલીની, અનિલ રખિયાણયા અને કવિતા પુરસ્વાનીએ નર્સિંગના વિદ્યાર્થીઓને પોસ્ટર તથા નાટક દ્વારા આપ્યું હતું. આ સ્તનપાન સપ્તાહ કાર્યક્રમમાં પ્રોફેસર, ડૉ. કે. વાણી, બાળકોના ઈન્ચાર્જ સિસ્ટર ઈલરોઈના ક્રિસ્ટીયન, સ્ટાફ નર્સિંગ સ્નેહલ ઠાકોર અને પ્રિયંકા પટેલ ઉપસ્થિત રહયાં હતા.

ડોલવણ ખાતે વિશ્વ આદિવાસી દિવસની દબદબાભેર ઉજવણી કરાઈ

ભારતનો ભૂતકાળ હોય કે વર્તમાન, આદિવાસી સમાજ સિવાય ક્યારેય પૂર્ણ ના થઈ શકે. આદિવાસી સમાજે સંસ્કૃતિને ધબકતી રાખી છે. આદિવાસી સમાજનો ગૌરવપૂર્ણ ઈતિહાસ છે :-ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

રાજ્ય કક્ષાના મંત્રીશ્રી હર્ષ સંઘવી સહિત મહાનુભાવોના હસ્તે શિક્ષણ-ખેલકૂદ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ બદલ પ્રમાણપત્ર અને યોજનાકીય લાભાર્થીઓને લાભ-સહાય આપીને સન્માનિત કરાયા

કમલમ્ ન્યુઝ,

તાપી જિલ્લામાં વિશ્વ આદિવાસી દિવસની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી ડોલવણ (સરકારી ગ્રાઉન્ડ) ખાતે આજરોજ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને ધારાસભ્યશ્રી મોહનભાઈ કોકણી, કલેકટરશ્રી ડૉ.વિપિન ગર્ગ, નાયબ વન સંરક્ષક શ્રી પુનિત નૈયર ,જિલ્લા પોલીસ વડાશ્રી રાહુલ પટેલ, આદિજાતિ વિભાગના ઉપ સચિવશ્રી જયદેવસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે ખેડબ્રહ્મા ખાતેથી રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે અંદાજીત એક હજાર કરોડના કામોનું લોકાર્પણ, ખાતમુહુર્તનું ઈ-લોકાર્પણ કરાયું હતું. તાપી જિલ્લામાં પ્રાયોજના કચેરી દ્વારા પંચાયત, આદિજાતી અને પ્રાથમિક શિક્ષણ વિભાગની વિવિધ યોજનાના કુલ રૂપિયા ૮.૮૭ કરોડના કુલ-૧૧૬ કામોનું લોકાર્પણ તેમજ રૂપિયા ૧૪.૧૩ કરોડના કુલ-૧૩૫ કામોનું ખાતમુહુર્ત અને વ્યક્તિલક્ષી કામો રૂા.૩ કરોડના ૪૨૯ કામો નું આયોજન કરવામાં આવ્યું હતું. બધા મળીને પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા તાપી જિલ્લામાં કુલ ૨૬ કરોડના ૬૮૦ જેટલા વિવિધ કામોનું લોકાર્પણ, ખાતમુહુર્ત અને વ્યક્તિગત યોજનાના લાભાર્થીઓને લાભો અર્પણ કરાયા હતા.

ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ તમામ આદિવાસી ભાઈઓ-બહેનોને સંબોધતા જણાવ્યું હતું કે ભારતનો ભૂતકાળ હોય કે વર્તમાન, આદિવાસી સમાજ સિવાય ક્યારેય પૂર્ણ ના થઈ શકે. દાતા થી લઈ ડાંગ સુધી આદિવાસી સમાજે સંસ્કૃતિને ધબકતી રાખી છે. આદિવાસી સમાજનો ગૌરવપૂર્ણ ઈતિહાસ છે. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાજની સાથે રહીને પરિવારનો વિકાસ થાય એ વિઝન રાખીને યોજનાઓ બનાવી છે. આજે ગુજરાતના ખૂણે ખૂણે યોજનાઓ પહોંચી છે. આયુષમાન યોજના થકી આરોગ્યની સારવાર મફતમાં થઈ જાય. જેની ચિંતા મુખ્યમંત્રીશ્રીએ કરી છે. છેવાડાના ગામોમાં નેટવર્કની સમસ્યા આવે છે. જેના માટે ટૂંક સમયમાં નાગરિકોને કેન્દ્રમાં રાખીને ટાવર લોન્ચીંગ થનાર છે. ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણીએ સૌ આદિવાસી ભાઈઓ-બહેનોને વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે ભગવાન બિરસા મુંડા, આદિવાસી સમાજે આઝાદીમાં યોગદાન આપ્યું છે. તે વખતના ઘણાં બધા નાયકોએ પોતાના બલિદાન આપ્યા છે. વેગડા ભીલે શહીદી વહોરી હતી, પૂંજા ભીલ જેવા અનેક નાયકોએ માનગઢમાં અંગ્રેજો સામેની લડાઈમાં ૧૫૦૦ નાયકોએ શહીદી વહોરી હતી. આજે ડોલવણના કોટલાભાઈ મહેતાભાઈ ચૌધરીને યાદ કરવા પડે સમગ્ર ભારતદેશમાં ગણોતધારા અંગે આંદોલન છેડ્યું અને વડોદરા કૂચ કરી ગાયકવાડ રાજ દરમિયાન તેમણે યુવાનોને સાચી દિશા આપી અને આદિવાસી સમાજ માટે મોટુ કામ કર્યું. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં શાળા, કોલેજના વિદ્યાર્થીઓ અને વિવિધ આદિવાસી સમાજના લોકોએ પારંપારિક નૃત્યો રજુ કર્યા હતા. આદિવાસી સમાજના વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓ, કલાકારો અને રમતવીરોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. રાજયકક્ષાના કાર્યક્રમોનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યુ હતું. જિલ્લા કક્ષાએ લાભાર્થીઓના લાભો એનાયત કરાયા હતા. સ્વાગત પ્રવચન પ્રાંત અધિકારી પ્રિતેશ પટેલે કર્યું હતું. જયારે આભારવિધિ હિસાબી અધિકારી હેતલભાઈ ગામીતે કરી હતી. કાર્યક્રમ બાદ ગૃહ રાજય મંત્રીશ્રી સંઘવીએ વિરપોર ખાતે અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ, માનવ કલ્યાણ ટ્રસ્ટની મુલાકાત લીધી હતી. અંગદાન માટે લોકો જાગૃત થાય અને મોટી સંખ્યામાં સેવાભાવી કાર્યમાં ઉત્સાહથી આગળ આવવા ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા સહિત ઉપસ્થિત સૌએ સંકલ્પ કર્યો હતો. આ પ્રસંગે પ્રાયોજના વહીવટદારશ્રી રામનિવાસ બુગલિયા, વ્યારા નગર પાલિકા પ્રમુખ રીતેશભાઈ ઉપાધ્યાય, ડોલવણ તાલુકા પ્રમુખ ભાવનાબેન પટેલ, વ્યારા તાલુકા પ્રમુખ ઈશ્વરભાઈ ગામીત, રાકેશભાઈ કાચવાલા, ડૉ. નિલેશ ચૌધરી સહિત મોટી સંખ્યામાં આદિવાસી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ગૌરવપૂર્ણ ઉજવણી

વન વિભાગના ત્રણ પુસ્તકોનું વિમોચન તેમજ ઈકો ડેવલપમેન્ટ સમિતિઓને સામૂહિક વિકાસના કામો માટે રૂ. ૮૯ લાખના ચેકનું વિતરણ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી સાસણ-ગીર ખાતે આવેલા કમ્યુનિકેશન સેન્ટર ખાતે કરવામાં આવી હતી. સંત, શૂરા અને સાવજની ભૂમિ સૌરાષ્ટ્રમાં આ ઉજવણીમાં વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત બનાવવા માટેની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પનાને સાકાર કરવા માટે વિરાસતની જાળવણી સાથે વિકાસની કટિબદ્ધતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, પ્રાણી અને પ્રકૃતિ સાચવવાની આપણા સૌની સંયુક્ત જવાબદારી છે. ગુજરાતના ગૌરવ એવા વનકેસરી કુદરતી રીતે વિહરે, વિચરે અને વિકસે તે માટેના પ્રયત્નો જ સિંહ દિવસની સાચી ઉજવણી છે.

દર વર્ષે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી એ ફક્ત ઉજવણી ન બની રહેતાં, પ્રાણીમાત્ર પ્રત્યેની અનુકંપા બને અને પ્રાણીમાત્રનું રક્ષણ થાય તેવો ભાવ જનજનમાં જાગે એજ તેની સાચી ઉજવણી છે એમ મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણા જીવનવ્યવહારમાં પણ દરેક જીવ માટે પરોપકાર અને 'જીવો અને જીવવા દો'ની ભાવના વણાયેલી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રાણીમાત્ર પ્રત્યેની દયા અને અનુકંપાની પ્રતિતિ કરાવતા પ્રસંગને યાદ કરતા તેમણે કહ્યું હતું કે, તાઉ'તે વખતે સૌરાષ્ટ્રમાં થયેલી ખુવારીની વિગતો મેળવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જંગલમાં રહેલા પશુ-પંખીઓની રક્ષા અને માવજત પણ માનવજીવ સાથે થાય તે માટે સંવેદનશીલતાથી કાર્ય કરવા માટે માર્ગદર્શન આપતા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જેમ આપણે જીવીએ છીએ તેમ પ્રાણીઓ કેવી રીતે કુદરતી રીતે શાંતિથી જીવી શકે, ઉછરી શકે અને મુક્તપણે વિહરી શકે તેવો આપણો ધ્યેય હોવો જોઈએ. ગીરમાં વસતા માલધારીઓ અને જંગલ તથા તેની આસપાસમાં વસતા લોકોએ પરસ્પરના સહઅસ્તિત્વથી વર્ષોથી ગરવા ગુજરાતનું ગૌરવ એવા સિંહનું જતન અને સંરક્ષણ કર્યું છે, જેના કારણે જ આજે પ્રતિવર્ષ સિંહોની વસતી વધી છે. મુખ્યમંત્રીશ્રીએ દેશભરમાં ઉજવાઈ રહેલા 'તિરંગા અભિયાન' વિશે વાત કરતા જણાવ્યું કે, દેશ પ્રત્યે માન, સન્માન અને સ્વાભિમાન જન્મે તે માટે વડાપ્રધાનશ્રીએ દેશના જન-જનને જોડતા હર ઘર તિરંગા અભિયાનની શરૂઆત કરાવી છે. 'એક પેડ મા કે નામ' જેવા વૃક્ષ સંરક્ષણના અભિયાન દ્વારા માંની સ્મૃતિ સાચવીને પ્રકૃતિનું રક્ષણ કેવી રીતે કરી શકાય તેનો સંદેશો પણ વડાપ્રધાનશ્રીએ આપ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ પ્રકૃતિ રક્ષણના જતન-સંવર્ધનની મહત્તા સમજાવતા કહ્યું કે, દિવસે-દિવસે પૃથ્વી પરથી વૃક્ષોનું આવરણ ઘટવાના કારણે આજે આપણે ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાનો સામનો કરી રહ્યાં છીએ. ક્યાંક વધુ વરસાદ તો ક્યાંક ઓછો વરસાદ થાય છે. આ બધી સમસ્યાઓથી બચવાનો એકમાત્ર ઉપાય પર્યાવરણનું જતન કરવાનો છે, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, 'વિશ્વસિંહ દિવસ' જેવાં દિવસની ઉજવણી વર્ષમાં ભલે એકવાર કરવામાં આવે છે પરંતુ આવા કાર્યક્રમમાં આવવાથી વિદ્યાર્થીઓને પ્રકૃતિના જતન-સંવર્ધનની એક શીખ પણ મળશે તો આ પ્રકૃતિના રક્ષણ માટેનું મોટું કદમ લેખાશે. મુખ્યમંત્રીશ્રીએ સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ સાથે આપણા દૈનિક જીવનની ક્રિયાઓમાં પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડીને પર્યાવરણના જતનના આયામો અમલમાં મૂકવા માટેની હાર્દિક અપીલ પણ આ તકે વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાએ તાલાલા અને મેંદરડા વચ્ચે રોડ બનાવવા માટે મુખ્યમંત્રીશ્રીને કરેલી રજૂઆતનો સાનૂકુળ પ્રતિસાદ આપીને આ રોડ બનાવવાની માંગ સ્વીકારવાની અનુમતિ આપી હતી. વન અને પર્યાવરણ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ વિશ્વ સિંહ દિવસની શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતુ કે, 'એશિયાઈ સિંહો સમગ્રભારત અને ગુજરાતની શાન છે. ગીરનું સ્થળ પ્રવાસીઓને સૌથી વધુ આકર્ષિત કરતું પ્રવાસન સ્થળ બન્યું છે. અખૂટ સુંદરતાના કારણે પ્રકૃતિપ્રેમી અને પ્રવાસીઓને ગીર આકર્ષી રહ્યું છે. અહીં ખળખળ વહેતી અને સંતાકૂકડી કરતી નદીઓ અને ગીરના ઢોળાવો પ્રાકૃતિક રચનાનું સુંદર ઉદાહરણ પ્રસ્તુત કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગીર એ ગુજરાતના કાઠિયાવાડનું સાંસ્કૃતિક અને ધાર્મિક આસ્થાકેન્દ્ર બન્યું છે. વનવિભાગ અને સ્થાનિક લોકોના સહિયારા પ્રયાસથી એશિયાઈ સિંહોની વસ્તીમાં ઉત્તરોતર વધારો થયો છે. આખા વિશ્વમાં એશિયાઈ સિંહ સૌરાષ્ટ્ર વિસ્તારમાં કુદરતી રીતે વિચરણ કરે છે. જેમાં ગુજરાત સરકાર અને વનવિભાગની સાથે માલધારી ભાઈઓ અને સ્થાનિક નાગરિકોનો મોટો ફાળો છે. લોકભાગીદારી નાગરિકો જાગૃત થાય ત્યારે જ આ કાર્ય શક્ય બને છે. એશિયાઈ સિંહ ફક્ત ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં જ વસવાટ કરતા હોય તેનું ગૌરવ લેવાની સાથે જ સંરક્ષણ અને સંવર્ધનની જવાબદારી પણ આપણી છે. લોકજાગૃતિ જ્ઞાન અને સહયોગના કારણે આ શક્ય બન્યું છે. 'વિશ્વ સિંહ દિવસ'ના ઉપલક્ષમાં વનવિભાગ દ્વારા ૭૫ લાખ લોકોને ટેક્સ્ટ મેસેજ અને ૩ લાખ લોકોને મેઈલ દ્વારા જાગૃતિ અંગેનો સંદેશો ફેલાવવામાં આવ્યો છે. આ સિવાય રાજ્યમા સિંહનો વસવાટ ધરાવતા ૧૧ જિલ્લાઓમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રેલી, રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા વગેરે જનજાગૃતિ દ્વારા સિંહ સંરક્ષણ અંગેની જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે, તેની વિગતો મંત્રીશ્રીએ આપી હતી. તેમણે સિંહની વસ્તીના આંકડા આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦ની વસ્તીગણતરી અનુસાર ગીરમાં ૬૭૪ જેટલા સિંહ નોંધાયા છે. સરકાર દ્વારા સિંહ સંરક્ષણ માટે ઘણી કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં સિંહના રહેઠાણ, ખોરાક, સંવર્ધન, રિહેબિલિટીશન, સંશોધન, પ્રાકૃતિક શિબિરોનું આયોજન સહિત ઈકોક્લબ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સિંહનું કુદરતી રીતે જ સંરક્ષણ અને સંવર્ધન થાય તે માટેના પ્રયાસો સ્થાનિક લોકો અને પ્રકૃતિપ્રેમીઓ સાથે કરવામાં આવી રહ્યાં છે.' વન અને પર્યાવરણના અગ્ર સચિવ શ્રી સંજીવકુમારે સ્વાગતપ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'એશિયાઈ સિંહ ગીર અને આજુબાજુના વિસ્તારમાં કુદરતી રીતે વિચરણ કરે છે. સિંહ સંરક્ષણમાં સ્થાનિક લોકોનું ખૂબ મોટું યોગદાન રહ્યું છે.' 'ભારતમાં આ ઉજવણીની શરૂઆત વન અને શિક્ષણ વિભાગના સહિયારા પ્રયાસથી ૨૦૧૬થી કરવામાં આવી છે. જેમાં પ્રકૃતિ પ્રેમીઓ, જનપ્રતિનિધિઓ, ગુજરાત સરકારના વિવિધ વિભાગ વગેરે ભાગ લે છે.' આ ઉજવણીમાં સિંહ સંરક્ષણ પ્રત્યેની લાગણી રહેલી છે. ગતવર્ષે સિંહ દિવસની ઉજવણીમાં ૧૫ લાખથી વધુ લોકો સહભાગી થયા હતાં. જ્યારે આ વર્ષે ૧૬ લાખ લોકો સહભાગી થયાં છે. વન વિભાગના પ્રયત્નોના કારણે વર્ચ્યુઅલ માધ્યમ અને પ્રત્યક્ષ રીતે સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેથી વધુને વધુ લોકો સિંહ સંરક્ષણ પ્રત્યે જાગૃત થાય તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે 'કન્ઝર્વેશન ઓફ એશિયાટિક લાયન: ઈન્ટીગ્રેટેડ રેડિયો ટેલિમેટ્રી ફોર એન્હાન્સ ઈકોલોજિકલ મોનિટરિંગ', 'પોપ્યુલેશન સ્ટેટસ ઓફ વાઈલ્ડ પ્રેઈન ગીર પ્રોટેક્ટેડ એરિયા' અને 'રીઈન્ટ્રોડક્શન અને સેટેલાઈટ ટેલિમેટ્રી ઓફ ઈન્ડિયન ગ્રે હોર્ન બીલ ઈન ગીર' પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમજ ગીર ખાતે કાર્યરત ઈકો ડેવલપમેન્ટ સમિતિઓને સામૂહિક વિકાસના કામો માટે ૮૯ લાખ રૂપિયાના ચેક વિતરણ કરવામાં આવ્યા હતાં. આ અવસરે, સાસણ ગીર ખાતે સિંહ સંરક્ષણ માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની ઝલક દર્શાવતી દ્રશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિનું નિદર્શન કરવામાં આવ્યું હતું. કેન્દ્રિય વન અને પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ યાદવનો શુભેચ્છા સંદેશ પણ રજૂ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા સિંહ સંરક્ષણ માટેની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી એન. શ્રીવાસ્તવે આભારવિધિ કરી હતી. સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણીમાં સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સર્વશ્રી ભગવાનભાઈ બારડ, દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠિયા, અરવિંદભાઈ લાડાણી, જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરિશભાઈ ઠુંમર, ગીર સોમનાથ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંજૂલાબહેન મૂછાર, જૂનાગઢ ડેપ્યુટી મેયર શ્રી ગીરીશભાઈ કોટેચા, જૂનાગઢ જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવાસિયા, મુખ્ય વન સંરક્ષક શ્રી આરાધના સાહુ, જિલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા સહિત અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી યુ.ડી.સિંઘ, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી એ.પી.સિંઘ, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી ડો. જયપાલ સિંઘ, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી એસ. કે. શ્રીવાસ્તવ, મુખ્ય વન સંરક્ષક શ્રી આરાધના સાહુ, અગ્રણી સર્વ શ્રી ઝવેરીભાઈ ઠકરાર, મહેન્દ્રભાઈ પીઠિયા, કિરિટભાઈ પટેલ, પુનિતભાઈ શર્મા તેમજ સાસણ ગીરના વન્ય પ્રાણી વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી ડો.મોહન રામ, વન્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ, શિક્ષકો-વિદ્યાર્થીઓ મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ફક્ત એક દિવસ માટે નહીં પરંતુ ૩૬૫ દિવસ વૃક્ષની જાળવણી કરી વન મહોત્સવને સાર્થક કરીએ-મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા

રાજ્યકક્ષાના સંસદિય બાબતોના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાના અધ્યક્ષસ્થાને ચીખલી તાલુકાના મજીગામ ખાતે નવસારી જિલ્લાનો વનમહોત્સવ યોજાયો



કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારી જિલ્લામાં ૭૫માં જિલ્લાકક્ષાના વનમહોત્સવની ઉજવણી આજે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, સંસદીય બાબતો પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચશિક્ષણના મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને દિનકરભવન મજીગામ, ચીખલી ખાતે યોજાયો હતો. અધ્યક્ષસ્થાનેથી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ ભારતનાં પ્રથમ કૃષિ મંત્રી શ્રી કનૈયાલાલ માણેકલાલ મુન્શીનું સ્મરણ કરી તેઓ દ્વારા આરંભાયેલ આ મુહિમને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ ધપાવી રહ્યા છે એમ ઉલ્લેખ કર્યો હતો. તેમણે પ્રવર્તમાન સમયમાં વધતા ઉદ્યોગ અને રોજગાર ધંધાઓને લઈને પર્યાવરણને જે નુકશાન થાય છે. તેમાં સુધારો કરવો અત્યંત જરૂરી બન્યો છે એમ જણાવી નવસારી જિલ્લામાં સામાજીક વનીકરણ વિભાગ તરફથી નવસારી જિલ્લામાં જુદી જુદી યોજનાઓ હેઠળ ૪૧૫ હેકટરમાં છે. ૧૧.૫૦ લાખ જેટલા રોપાઓ વાવેતર કરવામાં આવ્ય છે જે ખુબ સારી બાબત છે એમ ઉમેર્યું હતુ. મંત્રીશ્રી આપણી સંસ્કૃતિમા ઝાડને દેવ, વાયુને દેવ, પૃથ્વીને માતા ગાયને માતા, નદીને માતા તરીકે પૂજવામાં આવે છે. વૃક્ષ એ આપણી ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલું છે. આપણી સંસ્કૃતિ એ આપણી વિરાસત છે. તેમણે પર્યાવરણ સાથે આત્મીયતા કેળવી જે પ્રમાણે પર્યાવરણ કોઈ સાથે ભેદભાવ કરતા નથી તેવા જ પ્રકારે આપણે સૌ એક છીએ એમ સમજ કેળવી હતી. તેમને પ્રદુષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવા પ્રશ્નો અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવા અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ પ્રત્યેક નાગરિક પર્યાવરણ જાળવણી પ્રત્યે જાગૃત થાય અને ફક્ત એક દિવસ માટે નહીં પરંતુ ૩૬૫ દિવસ વૃક્ષની જાળવણી કરી વન મહોત્સવને સાર્થક કરે એમ અપીલ કરી હતી આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈએ વન્ય પ્રાણીઓ પ્રત્યે દયા ભાવના કેળવી તેઓ સાથે જીવતા શીખવા અનુરોધ કર્યો હતો. તેમણે પર્યાવરણ સંરક્ષણ અને સૌવર્ધન માટે સૌને જાગૃત બનવા આપીલ કરી હતી. ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તરફથી પાંચમી જુને " એક પેડ માં કે નામ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત આપણા નવસારી જીલ્લામાં ચાલુ વર્ષે અંદાજીત ૨૦ લાખ જેટલા રોપાનું વાવેતર અને વિતરણ કરવામાં આવેલ છે જે ખરેખર સરાહનિય છે. તેમણે આજે વિશ્વ સિંહ દિવસ છે એમ સૌને યાદ અપાવી પ્રકૃતિના ખોળામા રહેતા આદિવાસી બાંધવોને અનુરોધ કરતા ઉમેર્યું હતું કે, આપણે જળ જંગલ જમીનથી જોડાયેલા છે ત્યારે આપણે પર્યાવરણની જાળવણી કરવા સક્રિય પગલા લેવા જરૂરી છે એમ જણાવ્યું હતું. તેમણે સૌને પોતાના ખાસ દિવસોએ પોતાના સ્વજનોની યાદમાં વૃક્ષારોપણ કરવા અનુરોધ કર્યો હતો.આ પ્રસંગે નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ ભાવના દેસાઈએ સ્વાગત પ્રવચન થકી વન મહોત્સવનું મહત્વ સમજાવી સૌ પ્રકૃતિ પ્રેમી નવસારીવાસીઓને વધુમં વધુ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણ બચાવવામાં ભાગીદારી નોંધાવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં નર્સરી યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ તથા પર્યાવરણ જળવણી કરતી સંસ્થાઓને નાગરિકોણે પ્રશસ્તી પત્ર એનાયત કરી સન્માનિત કર્યા હતા. કાર્યક્રમના અંતે પર્યાવરણ જળવણી માટેની પ્રતિજ્ઞા લઈ સૌ કોઈ કેમ્પસમાં વૃક્ષારોપણમાં જોડાયા હતા. અને મહાનુભાવોએ એક પેડ માં કે નામ અભિયાનની વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ જિલ્લા કલેક્ટર શ્રી ક્ષિપ્રા આગ્રે, વલસાડ ઉત્તર વનવિભાગના નાયબ વન સંરક્ષક શ્રીનિશા રાજ સહિત મહાનુભાવો, પર્યાવરણ પ્રેમી નવસારીવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બોરસદમાં ૭૫મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ ઉજવાયો

સાંસદ મિતેષભાઈ પટેલે બોરસદમાં ૭૫મા વન મહોત્સવમાં યુવા પેઢીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો

કમલમ્ ન્યુઝ,

બોરસદની સરસ્વતી શિશુકુંજ ખાતે ૭૫મા જિલ્લા કક્ષાના વન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનેક મહાનુભાવો અને સ્થાનિક નેતાઓએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્યશ્રી રમણભાઈ સોલંકી, જિલ્લા પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ, પેટલાદના ધારાસભ્યશ્રી કમલેશભાઈ પટેલ અને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ પણ વિશેષરૂપે હાજર રહ્યા હતા. આ ઉપરાંત, અમૂલ ડેરીના ડિરેક્ટરશ્રી ગુલાબસિંહ પઢિયાર, જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ અધિક્ષક, નાયબ વન સંરક્ષણ અધિકારી અને બોરસદ પ્રાંત અધિકારી પણ કાર્યક્રમમાં જોડાયા હતા. આયોજક સંસ્થા સરસ્વતી શિશુકુંજના ચેરમેન શ્રી સંજયભાઈએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વન મહોત્સવ કાર્યક્રમમાં વૃક્ષારોપણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિશ્રી મિતેષભાઈ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, "આપણા પર્યાવરણની સુરક્ષા માટે વૃક્ષો અત્યંત મહત્વપૂર્ણ છે. આજના આ કાર્યક્રમ દ્વારા આપણે યુવા પેઢીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપી રહ્યા છીએ, માત્ર વૃક્ષો વાવવા જ નહીં, પરંતુ તેમની નિયમિત સંભાળ લેવી પણ એટલી જ મહત્વપૂર્ણ છે'' કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણ વિષય પર નાટક અને ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિવિધ પ્રજાતિના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. સરસ્વતી શિશુકુંજના વિદ્યાર્થીઓએ પણ વૃક્ષારોપણમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વન મહોત્સવ કાર્યક્રમ દ્વારા બોરસદ અને આણંદ જિલ્લામાં પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આશા છે કે આવા કાર્યક્રમો ભવિષ્યમાં પણ નિયમિતપણે યોજાતા રહેશે અને લોકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વધારવામાં મદદરૂપ થશે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028